# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

" સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૮/૪/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# ગ્રેજયુએટ થઇને બેસી રહેવું એ કેરીયર સ્યુસાઇડ છે, ગ્રેજયુએશનની સાથે વિવિધ કોર્સ કરી કારકિર્દી બનાવો

સુરત. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બાદ વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર વિશેની મૂંઝવણોને દૂર કરવાના હેતુથી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા 'કેરીયર ગાઇડન્સ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યુ છે. મહોત્સવના છઠ્ઠા દિવસે ડો. હીનાબેન ઓઝાએ 'કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ અકાઉન્ટીગ' વિશે, સુશ્રી કોમલ ખદારીયાએ 'કંપની સેક્રેટરીયટ પ્રોફેશન' વિશે તથા સીએ જય છાયરાએ 'ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પ્રોફેશન' વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યુ હતુ.

ડો. હીનાબેન ઓઝાએ વિદ્યાર્થીઓને જણાવ્યુ હતુ કે, કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ અકાઉન્ટીગ એ ભારતમાં રહીને આંતરરાષ્ટ્રીય કક્ષાનો કોર્સ છે. આ કોર્સ બાદ નોકરી માટે વિદેશમાં જવાની પણ તક વધી જાય છે. કારણ કે ઇન્ટરનેશનલ એકાઉન્ટીગ સ્ટાન્ડર્ડવાળો આ કોર્સ હોવાથી ભારતમાં પણ વિવિધ ક્ષેત્રે નોકરીની વિપુલ તકો રહેલી હોય છે. આ કોર્સ બાદ વિદ્યાર્થીઓ મેન્યુફેકચરીગ ઈન્ડસ્ટ્રીમાં નોકરી કરી શકે છે. અથવા તો ફાયનાન્શીયલ ઇકોનોમી, ડાયરેકટ ટેક્ષેશન અને ઇનડાયરેકટ ટેક્ષેશનમાં પ્રેકટીસ કરી શકે છે. રિસોર્સ મેનેજમેન્ટ, રિસ્ક મેનેજમેન્ટ, આઇઆરએસ અને આઇએફએસ જેવા કલાસ વન ઓફિસર બની શકે છે. લો સંબંધીત ટેક્ષેશન સર્વિસિસ તથા પબ્લીક સેકટરમાં પણ સારી તકો રહે છે.

કંપની સેક્રેટરી સુશ્રી કોમલ ખદારીયાએ જણાવ્યુ હતુ કે, ધોરણ દસ બાદ ફાઇન આર્ટ્સ સિવાયના કોઇપણ ફિલ્ડના વિદ્યાર્થીઓ સીએસ કરી શકે છે. ફાઉન્ડેશન કોર્સ કરવાનો હોય છે. સ્નાતક થયેલા વિદ્યાર્થીઓને ફાઉન્ડેશન કોર્સ કરવાનો હોતો નથી. એકઝીકયુટીવ લેવલ બાદ ઇન્ડકશન, ઇ ગર્વનન્સ, ડેવલપમેન્ટ અને

આંત્રપ્રિન્યોર્સ બાબતોનો અભ્યાસ કરવાનો હોય છે. એકઝીકયુટીવલ લેવલ માટે ત્રણ વર્ષ, એકઝીકયુટીવ લેવલ પાસ કરી હોય તો બે વર્ષ અને ફાઇનલ વર્ષ પાસ કર્યુ હોય તો એક વર્ષ માટે ટ્રેનીગ લેવાની હોય છે. માત્ર ભારતમાં જ નહી પણ અમેરિકા જેવા દેશોમાં જઇને પણ ટ્રેનીગ લઇ શકાય છે. ત્યારબાદ મેનેજમેન્ટ સ્કીલ્સ એન્ડ ઓરીએન્ટેશનલ પ્રોગ્રામ કરવાનો હોય છે. તેમણે કહયુ હતુ કે, સ્ટોક એક્ષ્ચેન્જમાં કાર્યરત કંપનીઓ તથા પાંચ કરોડથી વધુની ટર્નઓવર ધરાવતી કંપનીઓએ કંપની સેક્રેટરી રાખવા ફરજીયાત હોય છે.

સીએ જય છાયરાએ વિદ્યાર્થીઓને સીએસ, સીએ અને સીએમએ આ ત્રણેય કોર્સ કરવાની સલાહ આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યુ હતુ કે, જીવનમાં કઈ કરવા માટે જીદ્દી થવુ પડે છે. જીવનમાં કઈપણ કરવુ હોય તો કરો. કોઇપણ ફિલ્ડમાં સ્નાતક થાવ પણ ગ્રેજયુએશન સુધી બેસી ના રહો. સ્નાતક થઇને બેસી રહેવું કેરીયર સ્યુસાઇડ છે. જિંદગીના ત્રણ વર્ષ શુ કામ બગાડવાના છે. આ ત્રણેય કોર્સ ગ્રેજયુએશનની સાથે સાથે કરો. આખો દિવસ વાંચવાનું નથી. માત્ર બે કલાક આપો. ભારતના ટોપમોસ્ટ આ કોર્સ છે. આ ત્રણેય કોર્સ સેન્ટ્રલાઇઝ છે. દેશભરમાં કોઇપણ સ્થળેથી કરી શકાય છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, તમે કોલેજના દોઢ વર્ષમાં આ ત્રણેય કોર્સનો પહેલો સ્ટેપ કલીયર કરી નાંખો છો. કોલેજના ત્રણ વર્ષ પુરા કરો છો એટલે બે સ્ટેપ કલીયર કરી નાંખો છો. સ્નાતક થાવ એટલે તમને કઈ દિશામાં જવુ છે તેના વિશે ચોકકસ નિર્ણય કરી શકો છો. તેમણે સ્નાતક થયા બાદ કલેકટર બનવાની પણ સલાહ આપી હતી. પણ સ્નાતક સુધી બેસી રહેવાનું નથી. કોલેજના પ્રથમ વર્ષથી જ યુપીએસસી પરીક્ષાની તૈયારી કરો. સુરતમાં દરેક વસ્તુ છે એ કશે જ નથી. આઇએએસ, આઇપીએસ અને આઇઆરએસ કરીને અધિકારી બની શકો છો.

આજના સેશનમાં ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી જગદીશ ટેકરાવાલાએ પ્રાસંગિક વિધી કરી હતી. નિષ્ણાંત વકતાઓએ વિદ્યાર્થીઓ અને વાલીઓના સવાલોના જવાબ આપ્યા હતા અને ત્યારબાદ કેરીયર ગાઈડન્સ મહોત્સવના છઠ્ઠા દિવસનું સમાપન થયુ હતુ.